
# વાયડામિત્ર

વર્ષ : ૧૦૩ એપ્રિલ - ૨૦૨૫ અંક : ૪
કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક) R.N.I No.: 6316/57



RANGOLI BY YATRA PARIKH

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES







**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East), Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

## એપ્રિલ ૨૦૨૫, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૩, અંક-૪

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ | પૂર્વ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી–૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે, ગોતા–જગતપુર રોડ,
અમદાવાદ – ૩૮૨ ૪૭૦ ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭ Mobile : ૯૪૨૭૯૫૪૯૬૮ (What's app only) (સાંજે ૭.૦૦ પછી)
ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂા.૩૦/–વાર્ષિક(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/–

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે.

ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

SCAN QR CODE TO PAY

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ તથા સ્વ. શોભનાબહેન રમેશચંદ્ર પરીખ ના જય શ્રી કૃષ્ણ




## સ્વ. રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખ

**શ્રીજી ચરણ : ૨૬/૦૩/૨૦૨૫**

સ્વ. સોહાગિનીબહેન તથા સ્વ. નવનીતભાઈ બી. શાહ (દેત્રોજવાળા) ના જય શ્રી કૃષ્ણ.

# શ્રદ્ધાંજલિ



## સ્વ. રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખ

આપણી જ્ઞાતિના વડીલ અને આગવી પ્રતિભા ધરાવતા શ્રી રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખના અવસાનથી આઘાતની લાગણી અનુભવી. આજે જ્ઞાતિને એક કાર્યદક્ષ, દીર્ઘદ્દષ્ટિસભર કુશળ વહીવટકારની ખોટ પડી છે.

મારા પિતાશ્રી ઈન્દુભાઈના આગ્રહથી તેઓ જ્ઞાતિના કાર્યમાં જોડાયા. જ્ઞાતિની ત્રણેય પ્રમુખ સંસ્થાઓમાં તેમનો અમૂલ્ય ફાળો હતો. વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા અને વાયડ રસોડા ટ્રસ્ટના પૂર્વ પ્રમુખ તરીકે અને શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે તેમની સેવાઓ નોંધપાત્ર હતી.

વાયડ સંસ્થાનનું સંચાલન, વાયડ કેમ્પસનું નવિનીકરણ, રસોડા ટ્રસ્ટને આર્થિક મજબૂતી બક્ષવી, પ્રતિષ્ઠા મહોત્સવ અને વસ્તીપત્રક જેવા પ્રોજેક્ટ તેમણે કુનેહપૂર્વક સંપન્ન કર્યાં હતાં.

તેઓશ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિના વર્ષો સુધી પ્રમુખ રહ્યાં. વાયુદેવતાજી મંદિર તેમજ હોલનું નિર્માણ તેમણે કરાવ્યું હતું. તેમની જ્ઞાતિ ક્ષેત્રે પાંચ દાયકાની સેવા હંમેશા યાદગાર રહેશે. તેઓ જ્ઞાતિના આધારસ્તંભ હતા.

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

અમેરિકામાં શિક્ષણ અને અનુભવ મેળવીને તેઓ સ્વદેશ પરત આવ્યા અને અમદાવાદમાં મોટા કારોબારનું સર્જન કર્યું. તેમણે બસો પચાસથી પણ વધુ મોટા પ્રોજેક્ટ સફળતાથી પાર પાડ્યા. તેમણે અનેક કુટુંબો માટે રોજગારી સર્જીને અજવાળું પાથર્યું છે. આજે તેમના વ્યવસાયનો વ્યાપ ભારતભરના મોટા શહેરોમાં છે. તેઓ મેનેજમેન્ટના કુશળ અભ્યાસી હતાં.

તેમની સૂઝબૂઝનો ઉપયોગ તેમણે સમાજસેવામાં પણ કર્યો. તેમની દાનપ્રવૃત્તિ અનુપમ હતી.

રમેન્દ્રભાઈની વિદાયથી સમગ્ર જ્ઞાતિ આજે સ્તબ્ધ છે. તેમના ઉમદા ગુણોને યાદ કરીને તેને આપણે જીવનમાં અપનાવીએ એજ એમને સાચી શ્રદ્ધાંજલિ કહેવાશે.

શ્રી સમીરી કામદાદેવી અને શ્રી વાયુદેવતા તેઓશ્રીના આત્માને શાંતિ આપે તેમજ કુટુંબીજનો પર આવી પડેલ આફતને સહન કરવાની શક્તિ આપે, એ જ પ્રાર્થના....


– શશાંકભાઈ આઈ. શાહ
પ્રમુખ,
વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા



સ્વ. ગોરધનદાસ કૃષ્ણલાલ પરીખ (કડી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. હેમંતભાઈ એચ. કાશીપારેખ પરિવારના જય શ્રી કૃષ્ણ.

# 'જ્ઞાતિ - રત્ન' શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ (શ્રી કૃષ્ણ - ચરણે)



સમસ્ત વાયડા વણિક સમાજના "જ્ઞાતિ–રત્ન" પદવી પ્રાપ્ત એવા શ્રી રમેન્દ્રભાઈને વ્યક્તિગત તથા સમસ્ત વાયડા વણિક જ્ઞાતિઓના પ્રતિનિધિ, 'શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ'ના સર્વ ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો અને કાર્યકરો વતી હું હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

શ્રી રમેન્દ્રભાઈ ઘણા લાંબા સમય સુધી સમગ્ર વાયડા વણિક જ્ઞાતિના મોભી તથા રાહબર રહ્યાં. ૧૪ વર્ષ પહેલાં, રમેન્દ્રભાઈ સાથે સ્વ. ચીનુભાઈના આદેશ અનુસાર જ્ઞાતિના સેવા કાર્યોમાં જોડાયા પછી જે વડીલોને મેં નિઃસ્વાર્થ પ્રેરણાત્મક રીતે કાર્યો કરતાં જોયા અને અનુભવ્યા તેમાં રમેન્દ્રભાઈ ઘણા ઉચ્ચ સ્થાને રહ્યા છે અને તેઓ હંમેશા મારા સ્મરણમાં રહેશે.

જ્યારે જ્યારે મને ભાઈશ્રીની નિકટતા મળતી ત્યારે તેમની જ્ઞાતિ પ્રત્યેની નિષ્ઠા અને વિચારોથી હું પ્રભાવિત થતો. જ્ઞાતિની નિઃસ્વાર્થ સેવા–પરાયણતા સાથે લીડર તરીકેની તેમની શક્તિઓનું અવલોકન મને સહજ પ્રાપ્ત હતું. તેઓ એક વ્યક્તિ નહિ પણ પોતે જ એક સંસ્થા હતા અને જ્ઞાતિના અનેકવિધ કાર્યો તેમના વિશાળ વ્યક્તિત્વરૂપી પ્લેટફોર્મ પર *સંપન્ન* થયાં.

શ્રી રમેન્દ્રભાઈ સન ૨૦૦૩ના છઠ્ઠાં જ્ઞાતિ વસ્તીપત્રકના કન્વીનર રહ્યા. કુળદેવી પૂજ્ય શ્રી સમીરી કામદાદેવીના વાયડના મંદિર, વાવ તથા સમગ્ર પરિસરનો તેઓશ્રી એ જે તન્મયતાથી અને સહજતાથી વિકાસ કર્યો તે કાબિલે તારીફ છે. ૨૦૧૯ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભગીરથ સંચાલન તથા પૂર્ણાહુતી તેમની અસીમ કાર્યક્ષમતા, ટીમ–બિલ્ડીંગ, કાર્યભારનું સફળ પ્લાનિંગ અને સુચારુ

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

અમલ, તેમની વહીવટી કુનેહનો પરિચય આપી ગઈ.

એક આગેવાન તરીકે સહુને સાથે લઈને ટોકરશાની પોળમાંથી પાલડી આવી, વાયુદેવતાજીના મંદિરનું નિર્માણ તથા દિવ્ય સ્વરૂપોનું સ્થાપન તે જ્ઞાતિ માટેનો એક ગૌરવપૂર્ણ ઐતિહાસિક પ્રવાસ ગણાય. હાલમાં જ આ મંદિરમાં ટોકરશાની પોળથી પધારેલ ચમત્કારિક શ્રી ઠેસિયા હનુમાન દાદાને સ્થાન ગ્રહણ કરાવ્યું તે ગૌરવની વાત છે.

તેમની પાસેથી મળેલ જે પ્રેરણા–સભર વિચારો હું ગ્રહણ કરી શક્યો તે નીચે પ્રમાણે છે :

૧) દૂરદર્શિતા : ૨૦–૩૦ વર્ષનું આગોતરું વિઝન તથા તે દિશામાં અગ્રેસર થવાનું મિશન બનાવવું. અમદાવાદ ખાતે તૈયાર કરેલ શ્રી વાયુદેવતાજી મંદિર પરિસરનો જ્ઞાતિ સંબંધિત કાર્યો માટે ખાસ ઉપયોગ કરવો. જ્ઞાતિના સર્વે સભ્યોને સમસ્ત જ્ઞાતિ કાર્યક્રમોમાં આમંત્રિત કરવા. યુવાનોને પ્રોત્સાહિત કરીને જ્ઞાતિ કાર્યોમાં જોડવા એક સશક્ત સંગઠિત સ્વરૂપ આપવું. આ સર્વે બાબતો તેઓની એકત્વની ભાવનાને પ્રતીબિમ્બીત કરે છે.

૨) આગેવાની : સદા અગ્રેસર રહીને જ્ઞાતિ માટે આર્થિક, માનસિક, શારીરિક, તથા સામાજિક યોગદાન આપતાં રહેવું અને સહુ જ્ઞાતિજનોને સર્વભાગીતાથી જોડી, મોટીવેટ કરી એકત્રિત રાખવા એ તેમની લીડરશીપનું ઉદાહરણ છે.

૩) ટીમ બિલ્ડીંગ : જ્ઞાતિની યુવા પેઢીમાં સંસ્કારોનું મૂલ્યવર્ધિત સિંચન કરવું તથા કેળવણી અને આરોગ્યની જાળવણીની સહાય માટે પેટા સંસ્થાઓની રચના કરી તે ઉદ્દેશ્ય તરફ મક્કમ રીતે આગળ વધવું.

૪) મક્કમ મનોબળ : સિદ્ધી હાંસલ ન થાય ત્યાં સુધી નિશ્ચયાત્મક રીતે પગલાં લેતાં રહી સહુ કાર્યકરોને સાથે રાખી ધ્યેય સુધી નિર્ધારિત સમયમાં પહોંચવું.

રમેન્દ્રભાઈની અડગ જ્ઞાતિ સેવા અને માનવતાના શ્રેષ્ઠ સિદ્ધાંતો પ્રત્યેની તેમની અચલ પ્રતિબદ્ધતા આપણા સહુ માટે દિશાદર્શક બની રહેશે તેવી આશા અને સૌમ્ય વંદન સાથે આપણે તેમના દિવ્ય આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ અને પરમકૃપાળુ પરમાત્મા તેમને પરમ શાંતિ આપી નિજધામમાં સ્થાન આપે તેવી પ્રાર્થના કરીએ.


**– ધીરેન કે. પરીખ**

**પ્રમુખ, શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ**

બી. શૈલેશકુમાર એન્ડ કું (વડોદરા) ના સૌજન્યથી

‘દૃષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સર્વે જ્ઞાતિજનો,

આપણી જ્ઞાતિના પૂજ્ય વડીલ શ્રી રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખની વસમી વિદાયથી સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો અત્યંત વ્યથિત છે. લાગણીશીલ, દીર્ઘદ્રષ્ટા, સમર્પિત, પ્રતિબદ્ધ, પ્રામાણિક, મક્કમ, સકારાત્મકતા, સાદગી, પરગજુ જેવા સદ્‌ગુણ સંપન્ન, સક્ષમ નેતૃત્વ સમા, પરમ આદરણીય અગ્રણી સ્વ. શ્રી રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખનું અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ અને સમસ્ત વાયડા વણિક જ્ઞાતિની ઉન્નતિમાં વિશિષ્ટ યોગદાન રહ્યું છે. આશરે ત્રણ દાયકાથી વધુ સમયથી જ્ઞાતિમાં વિવિધ ક્ષેત્રે નિરંતર કાર્યરત રહી જીવનના અંતિમ તબક્કા સુધી જ્ઞાતિ ઉત્કર્ષ સંદર્ભે પ્રયત્નશીલ રહ્યા. વહીવટી કાર્યશીલતા સાથે આર્થિક સહયોગ પ્રદાન કરવામાં પણ હંમેશા અગ્રેસર રહ્યા. જ્ઞાતિના દરેક કાર્યક્રમમાં હાજર રહેવું તેમના માટે વિશેષ હતું. નાદુરસ્ત તબિયત છતાં પણ હાજરી આપવાનું ચુકતા નહીં. જ્ઞાતિનાં કાર્યક્રમોમાં તેમના વ્યક્તિત્વનો ખાસ પ્રભાવ રહેતો. જ્ઞાતિજનોને વ્યક્તિગત રીતે પણ ઉદારતાથી મદદ કરતા. જ્ઞાતિએ જ્ઞાતિભાવનાના પ્રતિકરૂપ વિશેષ જ્ઞાતિજન ગુમાવ્યા છે. તેમની ગેરહાજરી જરૂર અનુભવાશે. તેઓના સંસ્મરણો સમસ્ત જ્ઞાતિજનોની સ્મૃતિઓમાં જીવંત રહેશે.

સ્વ. વિદ્યાબહેન રસિકલાલ શાહ (કડી)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબેન કે. પરીખ


વ્યક્તિગત રીતે યુવાન વયથી સતત ૨૫ વર્ષથી વધારે સમય તેમની સાથે ખુબ નિકટતાથી સંકળાયેલ રહેવાનો અમૂલ્ય અનુભવ મળ્યો. મારી ક્ષમતા પર વિશેષ વિશ્વાસ મૂકી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ અને સમસ્ત વાયડા વણિક જ્ઞાતિના દરેક કાર્યમાં તેમણે પોતાની સાથે રાખ્યો. તેમના વિશ્વાસને કારણે જ્ઞાતિમાં નવીન વિચારો અને પહેલ સાથે કામ કરવાની કાયમ હોંશ રહી. તેઓની સાથે જ્ઞાતિના દરેક ક્ષેત્રે, પાયાની જરૂરિયાત સમજી, જ્ઞાતિપ્રથાને અનુરૂપ વિચારોને વળગી રહી, અસરકારક અમલીકરણ કરવાનો અનુભવ અવિસ્મરણીય રહેશે. જ્ઞાતિમાં એક વાર શરૂ કરેલ પ્રવૃત્તિ વર્ષો સુધી પ્રવર્તમાન રહે એ દઢ નિશ્ચય સાથે કામ કરવાનો ગર્વ હંમેશા રહેશે. તેઓ સાથેની જ્ઞાતિ વિષયક વિચારોની આપલે મને હંમેશા યાદ રહેશે. તેમણે મારા પર વિશ્વાસ મૂકી નવીન વિચારો માટે મને સ્વતંત્રતા આપી હતી. અમદાવાદ જ્ઞાતિના તેમના અનુગામી તરીકે જ્ઞાતિ કાર્યમાં યોગદાન આપવું પ્રેરણારૂપ રહ્યું છે.

સ્વજનના અવસાનથી વ્યથિત થવાય એ સ્વાભાવિક છે પરંતુ મૃત્યુની અનિવાર્ય ઘટનાનો સ્વીકાર કરવો જ રહ્યો. સમસ્ત જ્ઞાતિ, પરીખ પરિવારના દુઃખમાં સહભાગી છે અને ઊંડી સંવેદના પાઠવે છે. અમે પૂજ્ય વડીલના દુઃખદ અવસાનનો હૃદયપૂર્વક શોક વ્યક્ત કરીએ છીએ.

શ્રી વાયુદેવતાજી અને શ્રી વાયડ માતા તેમના દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે અને સદ્ગતના આત્માનું કલ્યાણ કરે તેવી અભ્યર્થના.

**- મેહુલ સુધીરભાઈ શાહ**
**પ્રમુખ**
**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

# જ્ઞાતિરત્ન રમેન્દ્રભાઈ : એક વિરલ વ્યક્તિત્વ



૨૫ વર્ષનો એક યુવાન અમેરિકામાં શિક્ષણ મેળવીને અને પ્રોજેક્ટ એન્જિનીયરનો અનુભવ લઈને એક સ્વપ્ન સાથે સ્વદેશ પરત ફરે છે અને અમદાવાદમાં મોટા કારોબારનું સર્જન કરે છે. ત્રણ પેઢી તેમાં જોડાય છે અને વટવૃક્ષ બને છે.

આગવી પ્રતિભા ધરાવતા રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખના ૮૩ વર્ષની વયે માર્ચ ૨૬, ૨૦૨૫ના રોજ દેહવિલયના સમાચાર જાણી સમગ્ર જ્ઞાતિએ આંચકો અનુભવ્યો.

જેને તમે અંતરંગ ઓળખતા હો તેમને વિષે લખવું કે બોલવું કઠિન હોય છે. સમગ્ર જ્ઞાતિના સભ્યો રમેન્દ્રભાઈ માટે આવો દાવો કરી શકે તેમ છે. બધા જ તેમને નજીકથી ઓળખે છે. એનું કારણ છે – તેમનું વિશાળ વ્યક્તિત્વ.

તેમના નામમાં જ ઐશ્વર્ય છલકે છે અને તેમનામાં તમામ ગુણો સમાય ગયા છે એટલે તેમનું આંતરિક મેઘધનુષી સૌંદર્ય ખીલી ઉઠ્યું હતું. આમેય માણસનું સૌંદર્ય તેના જીવનવ્યવહાર દ્વારા પ્રગટ થતું હોય છે. તેમની USP શું હતી? સામેની વ્યક્તિના ખભા પર હાથ મૂકીને અંગતતા પ્રદાન કરવાની કળા, ઉત્સાહથી ભરપુર જોમ અને વ્યક્તિને શાંતિથી સાંભળવાની કળા તેમને આત્મસાત્ હતી.

તેઓ મેનેજમેન્ટના કુશળ અભ્યાસી હતાં. તેમનું ટાઈમ મેનેજમેન્ટ, નિર્ણય શક્તિ, વ્યવહાર દક્ષતા, બુદ્ધિમતા અને દૃઢ નિશ્ચય – આ ગુણોએ તેમને જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા અપાવી હતી. જ્ઞાતિરત્ન ઈન્દુભાઈના આગ્રહથી

ચંદનબહેન વલ્લભદાસ મોહનલાલ શાહ (કડીવાળા) પરિવારના જય શ્રી કૃષ્ણ.

તેઓ જ્ઞાતિના કાર્યમાં જોડાયા. પછી જે બન્યું એ અકલ્પ્ય હતું. તેમનો ગ્રાફ ઉંચે ચડતો રહ્યો. તેઓ જ્ઞાતિના સેવાકાર્યોમાં કેન્દ્રસ્થાને રહ્યા.

જ્ઞાતિના મોટા પ્રોજેક્ટ્સ જેમ કે વાયુદેવતાજી મંદિર અને હોલનું નિર્માણ, પ્રતિષ્ઠા મહોત્સવ, વસ્તીપત્રકનું સંચાલન, દર વર્ષે વાયડ સંઘનું આયોજન, વાયડ રસોડા ટ્રસ્ટની જવાબદારી, વાયડ કેમ્પસનું નવીનીકરણ, મહા સુદ ૫ અને ભાદરવા સુદ ૬ના ટ્રસ્ટમાં તેમની પ્રમુખ ભૂમિકા – સર્વ કાર્યો કુશળતાથી સંપન્ન કરવાની કળા આશ્ચર્ય ઉપજાવે છે. મને લાગે છે કે ચાણક્યનો તેમના પર પ્રભાવ હોવો જોઈએ.

જ્ઞાતિની ત્રણેય પ્રમુખ સંસ્થાઓમાં તેઓનો સિંહ ફાળો હતો. વાયડ સંસ્થાન અને રસોડા ટ્રસ્ટના પ્રમુખ તરીકે તેમની સિદ્ધિઓ નોંધપાત્ર હતી. વાયડ વણિક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેમના સૂચનો જ્ઞાતિને ઉપયોગી થયા હતા. તેમનું જીવન જ મેનેજમેન્ટની પાઠશાળા હતું. એક હજારથી વધુ વ્યક્તિઓ માટે રોજગારનું સર્જન કરી તેઓના કુટુંબમાં અજવાળું પાથરવું એ જ સાચી સમાજ સેવા છે.

૮૩ વર્ષની ઉંમર, ૬૦ વર્ષોનો બહોળો અનુભવ, દેશના ૨૫ શહેરોમાં ૨૫૦ પ્રોજેક્ટ, હોસ્પિટલથી હોસ્પિટાલીટી અને શિક્ષણથી આવાસ સુધીની વિવિધ કાર્યરચનાઓનું સફળ સંચાલન. ૫૦ કરતા વધુ વર્ષોની જ્ઞાતિસેવા, તેમના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલી જ્ઞાતિના કાર્યકર્તાઓની એક નવી પેઢી – આ શું દર્શાવે છે ?

આજે સમગ્ર જ્ઞાતિ તેમના નિધનથી સ્તબ્ધ છે. વાયડા જ્ઞાતિના ઇતિહાસમાં એક અમીટ છાપ મૂકીને તેઓ ગયાં છે. જ્ઞાતિરત્ન ઈન્દુભાઈ અને જ્ઞાતિરત્ન ચીનુભાઈ બાદ સર્વસંમતિથી રમેન્દ્રભાઈ માટે જ્ઞાતિરત્ન સંબોધન કરવું પડે. તેઓ જ્ઞાતિના ભીષ્મ પિતામહ હતાં.

તેમની સફળતામાં તેમના ધર્મપત્નિ ગીતાબહેનનો તેમજ કુટુંબનો વિશેષ ફાળો હતો.

શ્રી વાયડમાતાજી અને શ્રી વાયુદેવતાજી તેમના આત્માને શાંતિ આપે અને કુટુંબીજનો પર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**

‘આરતી મેટરનીટી હોસ્પિટલ’ ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

# Beyond the Classroom: A South African Odyssey with Kohinoor Management School



I am studying in First year in MBA in Kohinoor Management School, Vidyavihar, Mumbai. My experience participating as a student in Kohinoor Management School's International Study Mission to North West University in South Africa was nothing short of a transformative adventure. This 10-day journey, generously sponsored by the school, provided a unique blend of academic enrichment, cultural immersion, and unforgettable encounters.

Our primary focus was on visiting North West University's campuses in Potchefstroom and Vanderbijlpark. Engaging with local students and faculty was incredibly valuable, offering insights into South Africa's educational landscape and fostering cross-cultural understanding. The academic sessions were stimulating, broadening our perspectives on global business and management practices.

Beyond the university walls, we embarked on a series of experiences that showcased the rich tapestry of South African life. A visit to a working gold mine was a highlight, where we experienced the sheer scale of the industry and even had the opportunity to lift a 21kg gold plate. This tangible encounter with South Africa's natural resources was both fascinating and memorable.

The thrill of the African wilderness awaited us at the Bona Bona Jungle Safari. Witnessing majestic wildlife in their natural habitat was an awe-inspiring experience. The safari provided a stark reminder of the importance of conservation and the breathtaking beauty of the natural world.

Sports play a significant role in South African culture, and we were fortunate to attend a vibrant rugby match. The electrifying atmosphere and the passionate fans created an unforgettable experience, highlighting the

country's love for the sport.

A particularly poignant moment was our visit to the Nelson Mandela House in Johannesburg. Walking through the rooms where Mandela lived and breathed history was a deeply moving experience. It provided a powerful reminder of his legacy and the struggle for freedom and equality in South Africa. This visit offered a somber and important counterpoint to the more lighthearted parts of the trip, embedding the historical significance of the country we were visiting.

Adding to the extraordinary nature of our journey was the chance to meet Neeraj Chopra, the Indian Javelin throw Olympic Gold Medalist. His presence was a source of inspiration, bridging the gap between our cultures through a shared passion for excellence.

Throughout the 10 days, we were immersed in the warmth and hospitality of the South African people. Interacting with local students and faculty allowed us to build meaningful connections and gain a deeper understanding of their perspectives. The cultural exchange enriched our learning experience and broadened our global outlook.

This International Study Mission was far more than just a trip; it was an immersive educational and cultural experience. From the academic rigor of North West University to the emotional impact of the Nelson Mandela House, and the thrill of the safari, every moment was filled with valuable lessons and lasting memories. I am incredibly grateful to Kohinoor Management School for this exceptional opportunity, which has undoubtedly shaped my understanding of the world and my place within it.

\- **- Pinak Nilesh Shah, Mumbai.**

# એમાં શનિ-રાહુ શું કરે



ભૂલકાં ના ખભે ભારે દફતર,
ફલાણા ટ્યુશન ને ફલાણી activity,
મોબાઈલ ને વિડીયો ગેમમાં મસ્ત,
લખોટી, ખોખા, થપ્પો ને નાગોલચું વળી શું ?
માગણીઓને પૂરી કરી એટલે બની ગયા જીદ્દી,
એમને સ્કૂલે કે ઘરમાં પણ ના લડાય,
એમાં શની-રાહુ શું કરે....

યુવાનીમાં તો મોજ જ હોય,
સિગરેટ, મસાલા ને પાર્ટી તો કોમન હોય,
બાઈક ને ગાડી તો ફૂલ સ્પીડમાં જ હોય,
લેટ નાઈટ પાર્ટી Swiggy ને Zomato,
પછી હેલ્થ ની ગાડી અટકે,
એમાં શનિ-રાહુ શું કરે...

ન રહી ધંધામાં જબાનની કિંમત,
કર્યા કાળા-ધોળા ને નોકરીમાં યે દાનત ખોરી,
ઉચાટ ને પૈસાની લાયમાં,
મનની શાંતિ ને ઊંઘ ખોઈ,
એમાં શનિ-રાહુ શું કરે...

ભજન-કીર્તન-પૂજા કરી એટલે ખોટું કરવાનું લાઈસન્સ મળ્યું !
માણસાઈ અને સિદ્ધાંતો નેવે મૂક્યા,
ડોશીમા નું વૈદું ને વડીલોની સલાહ તો જુનવાણી !
ને ગુગલ જ જ્ઞાનદાતા,
સિનિયર સિટીઝન ઘરમાં નડે ને,

એ ડૉક્ટર હૉસ્પિટલના ત્યાં નજરે ચડે,
એમાં શની–રાહુ શું કરે....

કહે છે કે ગયા જન્મના કર્મો પણ ભોગવવા પડે,
ને આ જન્મના કર્મનો પણ હિસાબ મંડાય,
નથી જ્યોતિષ ભવિષ્ય ભાખવા માટે,
છે કર્મની પગદંડી જાણવા સારું,
પછી ભાગ્યને દોષ દઈએ,
એમાં શની–રાહુ શું કરે.....

– ડૉ. રાકેશ પરીખ
અમદાવાદ
મો. ૯૮૨૫૩૪૬૮૨૭



ઉંમરનું નથી બંધન બસ પતંગ ચગાવવાનાં છે.
અનુકૂળ ન હોય ભલે પવન બસ પતંગ ચગાવવાનાં છે
ક્યારેક ગોથ મારવી પડે, ક્યારેક ઊંચાઈ મળે.
એવું છે આ જીવન બસ પતંગ ચગાવવાનાં છે.
અસંતુલિત હોય કિન્ના એવું પણ બની શકે.
કરીને થોડું અનુકુલન બસ પતંગ ચગાવવાના છે.
ક્યારેક ખેંચવું પડે ને કદીક ઢીલ પણ છોડવી પડે.
કરીને કંઈક કંઈક જતન બસ પતંગ ચગાવવાના છે.

– ગૌરાંગ શાહ

# લઘુ ચારધામ યાત્રા - એક રોમાંચક અને અભિભૂત અનુભવ



ગત ઓક્ટોબર માસમાં મિત્રો સાથે ચાર ધામ યાત્રા કરવાનું નક્કી કર્યું ત્યારથી જ રોમાંચ આવી ગયો. અમારું એક ઓક્ટોબરનું ચારધામ યાત્રાનું બુકિંગ રાધેશ્યામ ટ્રાવેલ્સમાં નક્કી કર્યું. આ યાત્રાને લઘુ ચારધામ યાત્રા એટલા માટે કહેવામાં આવે છે કે હિન્દુઓના જે મુખ્ય ચારધામ છે તે ભારતના ચાર ખૂણામાં આવેલા છે જેમાં પૂર્વમાં જગન્નાથપુરી, પશ્ચિમમાં દ્વારકા, ઉત્તરમાં કેદારનાથ અને દક્ષિણમાં રામેશ્વરમ છે જે આપણા જગતગુરુ



શંકરાચાર્યજીએ સ્થાપિત કરેલ છે અને અમે જે ચારધામની જાત્રા કરી તે ચારધામ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમનોત્રી છે જેને લઘુ ચારધામ કહેવામાં આવે છે. આ ચારે ધામ ઉત્તરાખંડમાં આવેલા છે જેને દેવભૂમિ તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે અહીં હજારોની સંખ્યામાં મંદિરો છે. તે પણ ઘણા જ પ્રાચીન અને પૌરાણિક છે અને ઘણા લોકો જાત્રા કરવા અહીં આવે છે અને શ્રદ્ધાપૂર્વક દર્શન કરે છે.

૧૨ દિવસના કાર્યક્રમની શરૂઆત ૧લી ઓક્ટોબરે થઈ. જ્યારે અમે બધા ફલાઈટ દ્વારા દિલ્હી પહોચયા. અમારો મિત્ર અને તેમના ધર્મપત્ની જર્મનીથી નીકળી દિલ્હી એરપોર્ટ ઉપર આવી ગયા. દિલ્હી એરપોર્ટ ઉપર અમારા માટે ૧ X ૧ એસી બસની વ્યવસ્થા રાધેશ્યામ ટ્રાવેલ્સ તરફથી કરવામાં આવી હતી. અમારા ડ્રાઈવર સરદારજી હતા. અમે બધા ગાડીમાં ગોઠવાઈ ગયા અને માતાજીની જય જયકાર સાથે દિલ્હીથી અમારી સફરની શરૂઆત થઈ. અમને વિશ્વાસ હતો કે નાનપણના મિત્રો સાથે અને અદ્‌ભુત વાતાવરણમાં ભગવાનને મળવાની અદમ્ય ઇચ્છા આ પ્રોગ્રામને ચોક્કસ સક્સેસફૂલ બનાવશે.

દિલ્હીથી અમે મુઝફ્ફર નગર તરફ પ્રયાણ કર્યું. ત્યારબાદ અમે ઋષિકેશ જવા નીકળ્યા અને ઋષિકેશમાં રાત્રી રોકાણ કર્યું. ઋષિકેશમાં પહોંચી અને અમે ત્રિવેણી સંગમ ઉપર સાંજની આરતી નો સુંદર લાભ લીધો. ત્યાં આઠ અલગ અલગ મોટી આરતી કરવામાં આવે છે તે નજારો ખૂબ જ અદ્ભુત હતો. તમે જાણે સ્વર્ગમાં હોય તેવી તમને અનુભૂતિ થાય તેવું વાતાવરણ હતું. અમે સૌ મિત્રો પરિવાર સાથે આરતીના દર્શન કર્યા, ગંગા પાન પણ કર્યું અને ત્યાંના બ્રાહ્મણના આશીર્વાદ લઈ અને ડિનર માટે અમારી હોટેલ પરત ફર્યા. અમારા ટુર મેનેજર જેમનું નામ યોગેશ ચૌહાણ હતું જે ટુર મેનેજર ઓછા અને કન્સલ્ટન્ટ વધારે હતા તે અમને પહેલી વાર ઋષિકેશમાં મળ્યા. ઋષિકેશમાં સવારે વહેલા લોકલ સાઈટ સીન માટે ગયા. ત્યાં ઈસ્કોન મંદિરની શોપ હતી તેમાંથી નવગ્રહની માળા, સ્ફટિકની માળા, સ્ફટિકના શિવલિંગ જેવી અનેક વસ્તુઓની ખરીદી કરી. ઘણા બધા મંદિરોમાં દર્શન કર્યા. તે દિવસે અમારું રાત્રિ રોકાણ બડકોટમાં હતું એટલે અમે લંચ લઈ અને બડકોટ તરફ જવા પ્રયાણ કર્યું. રાત્રે બડકોટમાં ટેન્ટમાં રોકાયા. તે વખતે નવરાત્રીનો સમય હતો અને અમારી સાથે બીજું એક પટેલ ગ્રુપ હતું જેઓ પોતાની મ્યુઝિક સિસ્ટમ લઈને આવ્યા હતા. રાત્રે ત્યાં સરસ મજાના ગરબા પણ અમે ગાયા અને માતાજીની આરતી કરી.

બીજે દિવસે સવારે બડકોટ થી જાનકીચટ્ટી થઈ અને યમુનોત્રી જવાનું હતું એટલે જાનકીચટ્ટી પહોંચી અમે સૌએ ડોલી કરી. જેથી કરી આગળની જાત્રામાં બહુ થાક ન લાગે. ડોલીમાં લગભગ અઢી કલાકની સફર બાદ અમે યમનોત્રી ધામમાં પહોંચ્યા અને ત્યાં એક તરફ યમુનાજી ખળખળ વહેતા હતા અને બીજી તરફ ગરમ પાણીનો કુંડ હતો જેમાં ઘણા બધા યાત્રીઓ સ્નાન કરી રહ્યા હતાં. અવિરત વહેતા યમુનાજીનું પાણી ખૂબ જ ઠંડું હતું તેમાં ઘણા યાત્રિકો શ્રદ્ધાપૂર્વક સ્નાન કરી રહ્યા હતાં. યમુનોત્રીમાં અમને યમુના મહારાણીમાની સાક્ષાત આરતી કરવા મળી તે અમારા માટે બહુ મોટું સૌભાગ્ય હતું. યમુનોત્રીમાં પ્રસાદ તરીકે તમારે ચોખા લઈને જવાનું અને ગરમ પાણીના કુંડમાં તે ચોખા તમે મુકો એટલે તેમાંથી ભાત તૈયાર થઈ જાય તે જ તમારે પ્રસાદ તરીકે લેવાનો. લગભગ બે કલાકનો સમય અમે યમનોત્રીના મંદિરમાં વ્યતિત કર્યો. ત્યાં જરા પણ ગીરદી

ન હતી એટલે અમને ચાર થી પાંચ વાર યમુનાજીના દર્શન કરવાનો લ્હાવો મળ્યો અને ત્યારબાદ નીચે ઉતારવા પ્રયાણ કર્યું. વાતાવરણે પણ અમને સાથ આપ્યો. વરસાદ પણ ના પડ્યો, બરફ પણ ના પડ્યો અને કોઈ પણ જાતનું અડચણ આવ્યું નહી તે અમારા ઉપર મહારાણીમાં ની અસીમ કૃપા હતી. ત્યારબાદ અમે બડકોટ હોટલ તરફ જવા પ્રયાણ કર્યું. અમારું રાત્રી રોકાણ બડકોટમાં જ હતું.

બીજે દિવસે એટલે કે પાંચમી ઓક્ટોબરે અમારે ગંગોત્રી દર્શન કરવા જવાનું હતું. ત્યાં નજીક હર્ષિલ ગામ છે જ્યાં અમારું રોકાણ હતું. તે ખૂબ જ રમણીય અને આકર્ષક સ્થળ હતું. ત્યાં અમને ખૂબ જ મજા આવી. અમે હર્ષિલ રાત્રી રોકાણ કર્યું. ત્યાં પણ અમે રાત્રે ગરબાની રમઝટ બોલાવી. કેદારનાથ કે જે ૧૮ કિલોમીટર ઉપર છે ત્યાં ઉપર ચડવા માટે કે ડોલીમાં જવા માટે કોઈ તૈયાર ન હોતું એટલે હેલિકોપ્ટર જ એક આશરો હતો. બધાના પ્રયત્નોથી અને અમારા કન્સલ્ટન્ટના સંપર્કથી ત્રણ ચાર દિવસની મહેનત પછી કેદારનાથ હેલિકોપ્ટરમાં જવા માટેની વ્યવસ્થા થઈ.

હર્ષિલથી સવારે ચા નાસ્તો કરી અને અમારે ગંગોત્રી દર્શન કરવા જવાનું હતું જો કે તે ખૂબ જ નજીક હતું. ગંગોત્રીમાં સવારે ૬-૩૦ વાગ્યાની ખૂબ જ સુંદર આરતી કરી, ગંગા પાન કર્યું. ગંગોત્રીમાં રાજા ભગીરથે હજારો વર્ષ તપ કરી અને ગંગાજીને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર લાવ્યા હતા. ત્યાં રાજા ભગીરથનું એક નાનકડું મંદિર છે જેમાં થોડુંક પાણી હોય છે તે પાણી આંખે અને ઝીભ પર લગાવવાથી આંખોનો પ્રોબ્લેમ નથી થતો અને તંદુરસ્તી સારી રહે તેવી લોકવાયકા છે. ગંગોત્રીનું ઉદ્‌ભવ સ્થાન આશરે ૧૮ કિલોમીટર ઉપરની બાજુ છે જ્યાં જવું ખૂબ જ કઠિન છે તેના માટે મેડિકલ ટેસ્ટ પણ કરાવવા પડે છે જે અમારા માટે સમયના અભાવે કારણે શક્ય બન્યુ ન હતું.

હર્ષિલથી અમારે ડૂંડા પહોંચવાનું હતું જે ઉત્તરકાશીથી નજીક જ અમારું રાત્રી રોકાણ હતું. ડુંડા/ઉત્તર કાશીથી અમારે પીપલ કોટી પહોંચવાનું હતું જ્યાંથી અમારે બદ્રીનાથના દર્શન કરવા જવાનું હતું. પીપલ કોટીમાં અમારું રાત્રિ રોકાણ હતું અને બીજે દિવસે સવારે ચા નાસ્તો કરી અને અમારે બદ્રીનાથ તરફ પ્રયાણ કરવાનું હતું. પીપલ કોટીમાં અમે કલ્પ કેદારના સુંદર દર્શન કર્યા, આરતી પણ

કરી અને ભગવાન સમક્ષ નવરાત્રી હોવાથી ગરબા પણ ગાયા. પીપલ કોટીથી થોડેક જ ઉપર મુખવા નામનું ગામ છે જ્યાં મા ગંગાનું મંદિર છે. જ્યારે ગંગોત્રીમાં કપાટ બંધ થાય ત્યારે ગંગા માતાને મુખવા માતાના મંદિરમાં છ મહિના માટે પધરાવવામાં આવે છે ત્યાં પણ અમે દર્શન કર્યા. તે ખૂબ જ સુંદર દૈવી સ્થાન છે. બદ્રીનાથ મંદીર ખૂબ જ અલૌકિક ધામ છે ત્યાં જ્યારે વિષ્ણુ ભગવાન આરાધનામાં બેઠા હતા તે વખતે ખૂબ જ બરફ પડતો હોવાથી લક્ષ્મી માતા બદરીનું ઝાડ એટલે કે બોરનું ઝાડ બની અને વિષ્ણુ ભગવાનનું રક્ષણ કર્યું માટે તેનું નામ બદરી ધામ તરીકે પ્રખ્યાત છે. બદ્રીનારાયણના દર્શન કર્યા પછી કપૂર આરતીનો ખૂબ જ સુંદર લ્હાવો મળ્યો. બદ્રીનાથમાં મહાપ્રભુજીની ૭૭મી બેઠક પણ આવેલી છે ત્યાં પણ અમને આરતીના દર્શન થયા અને મહાપ્રભુજીની બેઠકના પણ દર્શન થયા જેથી મન પ્રફુલ્લિત અને રોમાંચિત થઈ ઉઠ્યું. બદ્રીનાથથી ગુપ્તકાશી પહોંચવાનું હતું અને રસ્તામાં કાશી વિશ્વનાથના મંદિરમાં મહાદેવજીના દર્શન કર્યા અને કેટલા વર્ષો જૂનું પૌરાણિક ત્રિશૂળ ત્યાં પ્રસ્થાપિત છે. ત્રિશૂળ કઈ ધાતુનું બનેલું છે અને કેટલું ઊંડાણ છે તેનું હજી સુધી કોઈ પણ રહસ્ય શોધી શક્યું નથી. ત્રિશૂળની હાઈટ પણ ૫૦ થી ૭૦ ફૂટની વચ્ચે હશે એવું અનુમાન છે. ત્યાર બાદ તમે હોટલમાં બદ્રીનાથમાં પાછા ફર્યા.

બીજે દિવસે સવારે વહેલા ઉઠી અને હેલિકોપ્ટરમાં કેદારનાથ ૧૦ મિનીટમાં પહોંચી ગયા. જે પહોંચતા સામાન્ય રીતે ડોલી ઉપર કે ઘોડા ઉપર કે ચાલતા ૧૦ થી ૧૨ કલાક થાય. કેદારનાથમા અમારા માટે dormitoryની વ્યવસ્થા કરવામાં આવી હતી. વ્યવસ્થા સામાન્ય હતી પરંતુ દર્શન સુંદર થયા. અમે લગભગ ચારેક કલાક લાઈનમાં ઊભા રહ્યા હતા અને શંકર ભગવાનના શૃંગારના ખૂબ જ સરસ ભાવપૂર્વક દર્શન કર્યા. અમે રાત્રે ૧૨-૦૦ વાગે કૂપન લઈ ગભગૃહ પૂજા માટે લાઈનમાં લાગ્યા અને આશરે રાત્રે ૧-૦૦ વાગ્યાની આસપાસ માઈનસ ચાર ડિગ્રીમાં અમારો નંબર આવ્યો. તે જે પૂજા કરી એવી પૂજા કદાચ જિંદગીમાં ભાગ્યે જ કરી હશે અને ભાગ્યે જ કરવા મળશે. સ્વર્ગનો અનુભવ કોને કહેવાય અને સ્વર્ગ એટલે શું તે અનુભૂતિ તે રાત્રે અમે અનુભવી. સાંજે ૬-૩૦ વાગ્યાની કેદારનાથમાં આરતીના પણ અમને દર્શન થયા. વાતાવરણ

એકદમ ખુશનુમાં હતું અને સામાન્ય બરફ અને સામાન્ય વરસાદ સિવાય કોઈ પણ જાતની મુશ્કેલી નડી ન હોતી. રાત્રે અમારું ડિનર પણ કેદારનાથમાં જ હતું. વહેલી સવારે અમારે હેલીપેડ પર પહોંચવાનું હતું અને ત્યાંથી અમને નીચે હેલી પેડ ઉપર ઉતારવાના હતા ત્યાંથી અમારે બસમાં અમારી હોટલ ઉપર પહોંચવાનું હતું. ત્યારબાદ ગુપ્તકાશીથી લંચ લઈ અને અમારે દેવ પ્રયાગ જવાનું હતું જ્યાં રાધેશ્યામની ખૂબ જ સુંદર પ્રોપર્ટી આવેલી છે. અમે જેટલી પણ પ્રોપર્ટીમાં રહ્યા તેમાં સૌથી સરસ પ્રોપર્ટી અને લોકેશન દેવપ્રયાગમાં હતું. દેવ પ્રયાગમાં ગંગાજી અમારી બાજુમાં જ ખળખળ વહેતા હતા અને ત્યાં અમે ગંગા પૂજન કર્યું અને રાત્રે રોકાણ પણ અમારું દેવ પ્રયાગમાં જ હતું. દેવપ્રયાગની પ્રોપર્ટીને એન્જોય કરી અને અમે હરિદ્વાર જવા નીકળ્યા. હરિદ્વારમાં સાંજના સમયે હરકી પૈઢી જે ગંગા કિનારે ખૂબ જ પ્રખ્યાત સ્થળ છે ત્યાં અમે સપરિવાર આરતીનો લાભ લીધો.

પરત ફરતાં રસ્તામાં અમે ઘણા બધા પૌરાણિક મંદિરના દર્શન કર્યા અને પૂજા પણ કરી. ઘણી બધી નદીઓના સંગમમાં મુખ્ય સોન પ્રયાગ, દેવપ્રયાગ અને રુદ્રપ્રયાગ જેવા પવિત્ર સંગમો જોયા. અંતે ચારધામની સુખદ યાત્રા પૂર્ણ કરી. અમદાવાદ પાછા આવ્યા ત્યારે તે ચારધામની યાત્રાની યાદગીરી અમારા સૌના હૃદય ઉપર હંમેશા માટે અંકિત થઈ ગઈ. ખાસ કરીને નાનપણના દોસ્તો સાથે નાનપણમાં વિતાવેલી દરેક પળને વાગોળવી અને તે પણ એક ખૂબ જ સુખદ અને આનંદદાયક અને રોમાંચક અનુભવ હતો.

ઠાકોરજીની પરમ કૃપાથી અમારી ચારધામની સંપૂર્ણ જાત્રા ખૂબ સરસ રીત પૂર્ણ થઈ.

– યોગિની પરીખ
વ્રજેશ પરીખ
અમદાવાદ
મો. ૯૮૨૫૦ ૯૭૫૭૨

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## Some questions / ingredients for Personal & Professional Excellence



- How can I continue to manage best performance?
- How can I take performance to next level?
- How to rediscover yourself by enhancing self-awareness?
- How to learn new tools and Techniques which will facilitate Personal Transformation in following areas:
  - Living Powerfully and Effectively
  - Better Listening (Attentive listening)
  - Enhancing Assertiveness
  - Creative use of time (Time Management)
  - Reinforcing Core values of life including Integrity and Honesty
  - Producing extraordinary results in every aspect of life
- Learn about multiple Intelligences i.e. IQ, EQ, PQ and SQ
- Learn power of beliefs and subconscious mind
- Discover new ways of building strong, healthy, harmonious relationships in your professional and personal life
- Building Powerful teams
- Building vibrant working environment
- Understand concept of Leadership-
- Become true leader and expand your ability to take bold effective actions in leading self, leading people, leading customers and leading business
- Provide yourself an opportunity to create future with better quality life (Personal as well as Professional)
- Put you in driving seat of your life
- Reshape your life by taking charge of yourself, your actions, your beliefs, your emotions and your feelings

**- Shrenik Parikh, Ahmedabad**
**M. 97244 48149**

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ

# વાયડની બીજી બાજુ



છેલ્લા કેટલાક સમયથી એક પ્રશ્ન મનમાં થતો હતો – વાયડ અને વાયુદેવને કોઈ સંબંધ ખરો? પ્રશ્ન અતાર્કિક લાગે પણ વાતમાં દમ છે. ચૈત્ર સુદ ૬ આપણો મહત્વનો દિવસ છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં ચૈત્ર સુદ ૬ શ્રી યમુનાજીનો પ્રાગટ્ય દિન છે. શ્રી યમુનાજી વળી ઠાકોરજીના ચતુર્થ પટરાણી છે. આપણી જ્ઞાતિના કુળદેવતા વાયુદેવતાજી છે અને કુળદેવી વાયડમાતા છે. જ્યારે વૈષ્ણવ સંપ્રદાયના કુળદેવતા શ્રી ગોવર્ધનનાથજી અને કુળદેવી યમુનાજી છે. જ્ઞાતિના વિદ્વાન અને તાંત્રિક સ્વ. રમેશભાઈ પરીખ કહેતા – શ્રી યમુનાજી અને વાયડમાતામાં કદ, આકાર અને ચહેરામાં સામ્ય છે. બંનેના ચહેરા સૌમ્ય છે અને ભક્તોને આશીર્વાદ આપે છે. જો કે આ કેવળ અનુમાન છે.

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણે વાયુદેવતાની ભારે પ્રશંસા કરી છે અને પોતાની વિભૂતિઓમાં ગણાવ્યા છે. વિભૂતિયોગ (અધ્યાય ૧૦ શ્લોક ૨૧)માં શ્રીકૃષ્ણે કહ્યું– 'મરીચિર્મરુતામસ્મિ'. હું ઓગણપચાસ વાયુદેવતાઓમાં તેજ (મરીચિ) છું. રાજવિદ્યા રાજગુહ્ય યોગ (અધ્યાય ૯ શ્લોક ૬)માં વાયુ માટે કહ્યું 'સર્વત્રગો મહાન'. વાયુ સર્વગામી છે, સર્વવ્યાપી છે, સર્વદેશીય અને સદાસ્થિત છે તેથી મહાન છે. તેઓ સૃષ્ટિના સનાતન તત્ત્વોમાંના એક છે. આ ઉપરાંત તેઓ વાયવ્ય દિશાના દિક્પાલ (અધિપતી) છે.

ચૈત્ર સુદ ૬ અને ભાદરવા સુદ ૬ ને માતાજી સાથે સંબંધ નથી. ઘણા જ્ઞાતિજનો ચૈત્ર સુદ ૬ ને વાયડમાતાજીના પ્રાગટ્ય દિન તરીકે ગણાવે છે. પરંતુ તે અસત્ય છે. ચૈત્ર સુદ ૬ અને ભાદરવા સુદ ૬ બંને મહત્વની તિથિઓને વાયુદેવતા સાથે સંબંધ છે. વાયુદેવતાના જન્મની કથા શ્રીમદ્‌ભાગવતના ષષ્ઠસ્કંધમાં આપવામાં આવી છે. જ્ઞાતિ વાયુપુરાણ પ્રમાણે વાયુદેવતાની ઉત્પત્તિ કશ્યપ ઋષિ અને દિતી માતા દ્વારા થઈ છે. તેથી આપણું ગોત્ર કશ્યપ છે. (લગ્ન વખતે

ગોત્રની ચર્ચા થતી હોય છે અને ઘણાને આપણા ગોત્રની ખબર નથી હોતી) દિતિના ગર્ભમાં આવ્યા બાદ ઈન્દ્રે તે બળવાન પુરુષ ન બને તે માટે ગર્ભના સાત ટુકડા કર્યા પણ આશ્ચર્ય ! સાતેય ટુકડા જીવિત રહ્યાં તેથી ઈન્દ્રે ફરીથી દરેકના સાત ટુકડા કર્યા. આમ આ બધા વાયુઓની શક્તિ ઓગણપચાસ વિભાગમાં વહેંચાઈ ગઈ. આ બધાને વાયુની ઉપમા આપવામાં આવી છે. જો કે વાયુદેવનો જન્મ ચોક્કસ કઈ તિથિ કે વારે થયો તે પુરાણમાં જણાવેલ નથી.

રવિવાર ભાદરવા સુદ ૬ ને દિવસે વિશ્વકર્માએ વાયુઓને વાડવાદિત્ય ઋષિએ ઉત્પન્ન કરેલા વાયડા બ્રાહ્મણો અને વાયડા વૈશ્યોને સ્નાન કરાવી સેવા માટે અર્પણ કર્યા. આથી આ તિથિ 'સંસ્નાયિની' તરીકે પ્રસિદ્ધ થઈ. ત્યાર બાદ સાત માસ પછી રવિવાર ચૈત્ર સુદ ૬ ને દિવસે તેમને દોલા (પારણું – ઝૂલો)માં પધરાવ્યા તેથી તે તિથિ 'વિદોલિની' તરીકે પ્રસિદ્ધ થઈ. બંને દિવસ શુક્લ પક્ષ – ષષ્ઠી તિથિ – રવિવારનો સુભગ સમન્વય થવાથી અમૃતસિધ્ધિ યોગમાં પરિણમ્યો જે અત્યંત શુભ માનવામાં આવે છે. જેમ સંકટ ચતુર્થીને દિવસે મંગળવાર હોય કે અમાસના દિવસે સોમવાર હોય તો તેનું મહત્વ વધી જાય છે. વાયુનો પોતાનો કોઈ વાર નથી પરંતુ સૂર્ય અને વાયુ પરમસખા છે. રવિ એટલે સૂર્ય. વાયુને અગ્નિમિત્ર કહેવાય છે તેથી વાયુનો વાર રવિવાર ગણાય છે તેથી વાયુદેવતાના મંદિરમાં રવિવારે દર્શન કરવાનું ખૂબ જ મહત્વ છે. આ બંને તિથિઓને વાયુદેવતાના જન્મ અંગે મુખ્ય ગણવામાં આવી તેથી આ બંને દિવસોએ ઉત્સવ ઉજવવાનો વાયુપુરાણકારે આદેશ આપ્યો છે.

આપણા મૂળ પુરુષ કોણ છે ? વાયડના દિવ્ય ઋષિ વાડવાદિત્ય દ્વારા વાયડા વૈશ્ય (વણિક) અને વાયડા બ્રાહ્મણોની સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. તેઓ અત્રિ ઋષિના માનસ પુત્ર છે. બ્રહ્માએ તેઓને પ્રજાસૃષ્ટિ ઉત્પન્ન કરવાનો આદેશ આપેલ છે આથી તેઓએ આ સ્થળે વાટિકાવનમાં દસ હજાર વર્ષ તપ કર્યું. તેમના તેજથી પ્રભાવિત થઈને દેવો અહીં આવ્યા અને પ્રસન્ન થઈ વાડવઋષિને માનસી પ્રજાની વૃદ્ધિની વિનંતી કરી. બ્રહ્માજીએ જણાવ્યું કે અહીં વાયુનો જન્મ થશે ત્યારે જે પ્રજા ઉત્પન્ન થશે તે વાયુની સેવા કરશે. વિશ્વકર્માએ આ જગ્યાએ સમૃદ્ધ નગરની રચના કરી હતી. જેમાં ૪૮૦૦૦ વણિકો અને ૨૪૦૦૦ બ્રાહ્મણો વાયુદેવને

સેવા માટે અર્પણ કર્યા. વાયુદેવની સેવા માટે ઉત્પન્ન થયા હોવાથી આપણે વાયડા કહેવાયા. ચતુર્ભુજ સ્વરૂપ ધરાવતા વાયુદેવની ચાર ભુજામાં અનુક્રમે ધ્વજ, દંડ, વરદ અને કમંડળ છે. તેમનું વાહન હરણ છે. પશુઓમાં હરણ સૌથી ઝડપી દોડનારાઓમાં છે. વાયુદેવતાનું શસ્ત્ર ધ્વજા છે.

વાયુપુરાણમાં જણાવ્યા પ્રમાણે વાવને જ વાયડમાતાનું સ્વરૂપ માનવામાં આવે છે. વાવને શક્તિરૂપે પૂજા કરવાનો નિર્દેશ આપ્યો છે. વાયડની વાવ ૧૨૫ રૂટ લાંબી અને ૩૩ ફૂટ પહોળી છે. તેમાં સાત માળ અને સાત ખંડ છે. તે બારમી સદીમાં સોલંકી યુગમાં સ્થાપવામાં આવી છે તેવા ઉલ્લેખ જોવા મળે છે. સંવત ૧૯૭૩ (ઈ.સ. ૧૯૧૭)માં ફેબ્રુઆરી માસની બીજી તારીખે શુક્રવારે મહા સુદ ૧૧ ને દિવસે પાટણના વિદ્વાન–અભ્યાસી અંબાલાલભાઈ નાગરદાસ આબુવાળાએ માતાજીની શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા સહિત મંદિરમાં ઉપરના ભાગે સંગેમરમરની પ્રતિમાની સ્થાપના કરાવી હતી. શિલ્પશાસ્ત્રી શિવલાલ ઉગરચંદે આ પ્રતિમા તૈયાર કરી હતી. વાયડમાતાનું સંગેમરમરનું ચતુર્ભુજ સ્વરૂપ છે. તેમના ઉપરના જમણા હાથમાં વીણા, ઉપરના ડાબા હસ્તમાં ત્રિશૂળ, નીચેના ડાબા હસ્તમાં દંડ અને જમણા નીચેના હાથથી ભક્તોને આશીર્વાદ આપે છે. આમ માતાજી પાપી લોકોને દંડ અને ભક્તો પ્રત્યે પ્રેમ દર્શાવે છે. તેમનું વાહન વૃષભ છે. તેમની સાથે પરિવારના દેવોમાં હનુમાનજી, ગણપતિ, વારાહી, નાગદેવતા, ભૈરવ અને મહાદેવજીની પણ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. હનુમાનજી મંદિરમાં જ છે. વારાહી દેવી મંદિરના પાછળના ભાગમાં છે. જમણે મહાદેવજી અને નાગદેવતાની દેરી કેમ્પસમાં છે. ગણપતિ અને ભેરવ વાવની ઉપર પ્રવેશ દ્વારે બે બાજુ બિરાજ્યા છે. આ ઉપરાંત શ્રીયંત્રનું સ્થાન માતાજી આગળ કરવામાં આવ્યું છે. તે યંત્રરાજ કહેવાય છે અને તે નિરંતર ઉર્જા પ્રદાન કરતું રહે છે. ૧૯૧૭ બાદ ૧૯૩૦, ૧૯૫૯, ૧૯૯૪ અને ૨૦૧૯માં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ૧૯૫૯ની તૃતીય પ્રતિષ્ઠા વખતે ૨૧ x ૨૧ ફૂટનું સમચોરસ યજ્ઞમંડપનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

મહા સુદ ૧૧ વાયડ માતાજી માટે ખાસ દિવસ છે તે દિવસે તેમને પાટ પર બેસાડયા હતા માટે તે દિવસ પાટોત્સવ તરીકે ઉજવવો જોઈએ. જેમ શ્રીનાથજીનો પાટોત્સવ મહા વદ ૭ ના રોજ ઉજવાય છે. અમદાવાદમાં વાયુદેવતાજીનો

સ્વ. કુસુમબહેન અને સ્વ. ચંદ્રકાંતભાઈ પરીખના સર્વેને જય શ્રી કૃષ્ણ હસ્તે સંજય પરીખ અને પરિવાર

પાટોત્સવ મહા વદ ૫ ના દિવસે દબદબાપૂર્વક હોમહવન કરી જ્ઞાતિજનો ઉજવે છે તે જ રીતે મહાસુદ ૧૧ ને દિવસે વાયડમાં માતાજીના પાટોત્સવની ઉજવણી કરવી જોઈએ. આગામી જાન્યુઆરી ૨૯, ૨૦૨૬ ગુરુવારના રોજ મહા સુદ ૧૧ છે તો તે દિવસે પાટોત્સવનું આયોજન કરી શકાય.

ચૈત્ર સુદ ૬ ને દિવસે ચંડી યજ્ઞ કરવામાં આવે છે. તે શક્તિની આરાધના છે અને તે યોગ્ય છે પણ આ સ્થાન વાયુદેવનું હોવાથી હવન દરમ્યાન વાયુદેવની મૂર્તિનું સ્થાપન થવું જોઈએ એમ વિદ્વાનોનો મત છે. નવાઈ એ વાતની છે કે વાયુદેવનો અહીં જન્મ થાય છે. પણ હાલ અહીં વાયુદેવનું એક પણ મંદિર નથી. વાયડમાં વાયુદેવતાના એક મંદિરનું નિર્માણ થવું જોઈએ.

વાયડ પહેલા ધર્મનગરી તરીકે પ્રખ્યાત હતી. અહીં અસંખ્ય મંદિરો હતાં. વાયુપુરાણ પ્રમાણે વાયુદેવતાજીનું મૂળ મંદિર વાયડમાં હતું અને મૂળ વતનીઓ પોતે વાયુદેવની પૂજા કરતા હતા, વાયડ વાયુપુર અને પવનપુર તરીકે પણ ઓળખાતું હતું પણ વાયડની જાહોજલાલીથી પ્રભાવિત થઈ મુસ્લિમ આક્રમણકારોએ વાયડને વિદ્ધંશ કર્યું. આપણા પૂર્વજો વાયુની મૂર્તિઓને શહેરોમાં લઈ ગયા તેથી અમુક શહેરોમાં વાયુદેવના મંદિરો જોવા મળે છે. જ્યારે વાવ જ વાયડમાતાનું સ્વરૂપ હોવાથી તેમનું મંદિર વાયડમાં જ છે. વળી બનાસ નદીના ભારે પૂરને કારણે પણ નગરનો નાશ થયો હતો.

આજે પણ જુદા જુદા શહેરોમાં વાયુદેવતાના પાટોત્સવ તેમ જ ચૈત્ર સુદ ૬ એ ચંડીયજ્ઞ થાય છે. પરંતુ ચંડીયજ્ઞ માતાજીનું વિધાન છે. ચંડીયજ્ઞ માતાજી સમક્ષ થવો જોઈએ. માટે આ યજ્ઞ દરમ્યાન જુદા જુદા પુરાણોએ સૂચવેલા બીજ મંત્રો–શ્લોકોનું ગાન–પઠન કરવું જોઈએ.

કેટલાક લોકો માને છે કે આપણી જ્ઞાતિના બધા જ લોકો પ્રથમ જૈન હતા અને વલ્લભાચાર્યજીના પ્રાગટ્ય બાદ વૈષ્ણવો બન્યા પણ આ વાત સત્યથી વેગળી છે. વૈષ્ણવો પ્રથમથી જ હતા. પરંતુ, વલ્લભાચાર્યજીએ શુદ્ધાદ્વૈતવાદ પુષ્ટિસંપ્રદાય પ્રગટાવ્યો તેમના પ્રભાવ હેઠળ આપણે પુષ્ટિસંપ્રદાય અપનાવ્યો છે. વૈષ્ણવો માટે એક શબ્દ વપરાતો હતો–મહેસરી (મેશરી). સાર્થ જોડણીકોશ પ્રમાણે

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

મેશરી એટલે વાણિયાની એક જાત. વલ્લભાચાર્યજીના પ્રાર્દુભાવના ૨૩ વર્ષ પહેલાં સંવત ૧૯૧૨માં રચાયેલા 'કાન્હડે પ્રબંધ' ગ્રંથમાં મેસરી ઉલ્લેખ મળી આવે છે. ઉપરાંત મહામિથ્યાદક લલ્લે (આપણા મૂળ પુરુષોમાંના એક) યજ્ઞ કર્યો હતો. તેનો ઉલ્લેખ 'ચતુર્વિંશતિ પ્રબંધ' ગ્રંથમાં છે અને મહામિથ્યાદક વૈદિકો માટે જ વપરાતો હતો તેથી વાયડમાં બધા વણિકો જૈન ન હતા તે સ્પષ્ટ થાય છે.

વાયડના સંઘની શરૂઆત આજથી ૧૭૨ વર્ષ પહેલાં થઈ હતી. તે સમયે જ્ઞાતિમાં અકાળે મૃત્યુ થતા હતા તેથી જ્ઞાતિના ગોર તેમ જ આગેવાનોએ માતાજી સમક્ષ દર વર્ષે સંઘરૂપે આવી હોમ–હવન–પૂજા કરવાનો સંકલ્પ કર્યો ત્યારથી આ સંઘ અવિરત ચાલે છે. શરૂઆતમાં આ સંઘ એક જ દિવસનો હતો પણ ત્યાર બાદ દિવસોની સંખ્યા વધતી ગઈ. આપણા માટે બંને તિથિઓનું એક સરખું મહત્વ છે પણ ભાદરવા માસમાં વરસાદની સીઝન હોવાથી ચૈત્ર માસમાં સંઘની પ્રથા શરૂ થઈ. હાલનું વાયડ સંસ્થાન સંવત ૧૯૬૧ (ઈ.સ. ૧૯૦૫) માં વાયડમાં ગયેલા સંઘના ઉપક્રમે અસ્તિત્વમાં આવ્યું છે.

વાયડ એટલે શું ? આ શબ્દનો જન્મ કેવી રીતે થયો ? સંશોધનકારોના મત પ્રમાણે મૂળ શબ્દ 'વાયટ' હતો પણ ત્યાર બાદ અનુક્રમે વાયટીય, વાયડીય અને વાયડ શબ્દ પ્રચલિત થયો. સ્વ. રામલાલ મોદીએ ૧૯૪૪માં વાયુપુરાણમાં આની નોંધ લીધી છે. મૂળ શબ્દનું વિશ્લેષણ – વાય એટલે વાયુ અને અટ એટલે સ્થિરતા જ્યાં વાયુ સ્થિર થયા છે તે સ્થાન.

આવો, આપણે વાયડને જાણીએ, ઓળખીએ, તેની ધરોહરને પીછાણીએ, તેના ઇતિહાસનો અભ્યાસ કરી, પરંપરાને જાળવીને આધુનિકતાના સમન્વય સાથે જોડીએ.

વાયડમાતા – વાયુદેવતાજીના આશીર્વાદ આપણી જ્ઞાતિ પર સદા વરસતા રહે તેવી શુભેચ્છા.

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. સુધીરભાઈ એમ. પરીખ (મુંબઈ) તથા પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિજનો જોગ
## ૨૦૨૫-૨૬ ના વર્ષની મેડિકલ કૂપન મેળવવા બાબત

શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ તરફથી જ્ઞાતિજનોને આપવામાં આવતી વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/-ની મેડિકલ કૂપન તા. ૧૨-૦૪-૨૦૨૫થી દર રવિવારે સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન શ્રી વાયુદેવતાજી મંદિર ખાતે શ્રી નાનુભાઈ પાસેથી મળેવી લેવા વિનંતી

**૨૦૨૫-૨૦૨૬ના મેડિકલ કૂપનના જ્ઞાતિ ઉપરાંત વ્યક્તિગત દાતાઓ**

| | | |
|---|---|---|
| ૧. | સ્વ. નગીનદાસ ચીમનલાલ શાહ<br>સ્વ. સરોજબેન નગીનદાસ શાહ<br>સ્મરણાર્થે હસ્તે - કિરણ શાહ | રૂા. ૧૦૦૦/- |
| ૨. | સ્વ. રાજેશભાઈ જમનાદાસ શાહ<br>સ્મરણાર્થે હસ્તે વૈશલ શાહ | રૂા. ૧૦૦૦/- |
| ૩. | સ્વ. જયંતીલાલ બાલુભાઈ પરીખ<br>સ્વ. મેનાબેન જયંતીલાલ પરીખ<br>સ્મરણાર્થે હસ્તે વિપુલ પરીખ | રૂા. ૧૦૦૦/- |
| ૪. | સ્વ. સુધાબેન હરિવદનભાઈ મહેતા<br>સ્મરણાર્થે - હસ્તે તપન મહેતા | રૂા. ૧૦૦૦/- |
| ૫. | સ્વ. પ્રભાબેન વાડિલાલ મહેતા<br>સ્મરણાર્થે હસ્તે ઉમાબેન મહેતા | રૂા. ૧૦૦૦/- |
| ૬. | સ્વ. ભાસ્કરભાઈ વાડિલાલ મહેતા<br>સ્મરણાર્થે - હસ્તે મેહુલ મહેતા | રૂા. ૧૦૦૦/- |
| ૭. | સ્વ. પ્રભાલક્ષ્મીબેન મોહનલાલ પરીખ ટ્રસ્ટ | રૂા. ૨૦૦૦/- |
| ૮. | સ્વ. બાઈ મંગુબેન પ્રાણલાલ હરિવલ્લભદાસ ટ્રસ્ટ | રૂા. ૧૦૦૦/- |
| ૯. | સ્વ. અમરતલાલ રણછોડલાલ શાહ ટ્રસ્ટ | રૂા. ૧૦૦૦/- |
| ૧૦. | સ્વ. દિનેશચંદ્ર બાલુભાઈ પરીખના સ્મરણાર્થે<br>હસ્તે હેતલ પરીખ | રૂા. ૧૦૦૦/- |

**- કિરણભાઈ એન. શાહ, મંત્રી**
**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

મોતીબહેન મુલજીભાઈ દામોદર વાયડા શાહ(માંડવી-કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ–માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયુ દેવતા મંદીર, વડોદરા

૧. શ્રી વાયુદેવતા મંદીર, બાજવાડા, વડોદરાને અમેરિકા નિવાસી શ્રી નિલેશભાઈ ચંપકલાલ શાહ તરફથી રૂ. ૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા) ભેટ પ્રાપ્ત થયેલ છે. તેઓનો ખૂબ ખૂબ આભાર.

૨. શ્રી વાયુ દેવતા મંદીર બાજવાડા, વડોદરાને શ્રી ગૌરાંગભાઈ દેસાઈ તરફથી રૂ. ૫૦૦૦/– અખંડ દીવાના ઘી માટે મળેલ છે.

તેઓશ્રીનો ખૂબ ખૂબ આભાર....

**– શ્રી વાયુ દેવતા મંદીર વડોદરા**

## જ્ઞાતિ ગૌરવ

ખૂબ આનંદ સાથે જણાવવાનું કે આપણી જ્ઞાતિના ઉચ્ચ કોટીના સાહિત્યકાર– કવિ–વાર્તાકાર–નિબંધકાર–વિવેચક સ્વ. ડૉ. મૂળજીભાઈ પી. શાહનાં ૧૦ પુસ્તકો ભારતની ખૂબ જ જાણીતી અને પ્રથમ હરોળની સાહિત્ય અને કલાની રાષ્ટ્રીય વેબસાઈટ રેખ્તા ગુજરાતી ઉપર સ્વીકૃત થઈને અપલોડ થઈ અને જાહેર જનતા માટે મુકાઈ ગયા છે.

કુટુંબ માટે અને સમગ્ર જ્ઞાતિ માટે ખૂબ જ ગૌરવની આ ઘટના છે. રાષ્ટ્રીય કક્ષાની વેબસાઈટ ઉપર કોઈ પણ જ્ઞાતિજનના ૧૦ પુસ્તક એક સાથે મુકાયા હોય તેવી આ પ્રથમ ઘટના છે.

link : https://rekhtagujarati.org/poets/mooljibhai-p-shah

**– હરીશભાઈ જે. શાહ વડોદરા**

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

Bank Details for donations towards Education / Medical or other purposes (other than Vayadamitra)
Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
Savings A/c No.: 3667111655, IFSC Code.: CBIN0280553

## સહયોગ પ્રાપ્ત થયો

નીલાબેન હસમુખભાઈ શાહ, મુંબઈ તરફથી શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટને રૂ. ૫૦,૦૦૦/– નો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આપનો ખુબ ખુબ આભાર.

સ્વ. કાંતિલાલ કાળીદાસ શાહ – કડીવાળાના સ્મરણાર્થે, હસ્તે હસમુખલાલ કાંતિલાલ શાહ – મુંબઈ તરફથી ચૈત્ર સુદ – છઠના ટ્રસ્ટમાં રૂપિયા રૂ. ૫૦,૦૦૦/– નો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આપનો ખુબ ખુબ આભાર.

## હવન (કડી)

દર સાલ મુજબ ચાલુ સાલે માતાજીના પાટોત્સવ નિમિત્તે સં. ૨૦૮૨ના વૈશાખ સુદ–૫ ને શુક્રવારે, તા. ૨–૫–૨૦૨૫ના રોજ કડી મુકામે હવન રાખેલ છે. સર્વે જ્ઞાતિજનોને આ ધાર્મિક પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ છે. સવારે તેમજ સાંજે પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. બહારગામથી આવનાર દરેકે અગાઉથી તા. ૨૭–૪–૨૦૨૫ સુધી જાણ કરવાની રહેશે.

સ્થળ : પટવાપોળ, કડી

શ્રીફળ હોમવાનો સમય : સાંજે ૬–૦૦ કલાકે

– બકુલ રામલાલ પરીખ

ફોન : ૯૮૨૫૩ ૩૪૯૧૩

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

## સમિરી વાણીક સમાજ મહિલા મંડળ, અમદાવાદ

## હોળી રસિયા ઉત્સવ (તા. ૨૭-૨-૨૦૨૫)

બહેનો દ્વારા અમુક પ્રસંગોની કાગડોળે રાહ જોવાતી હોય તેમાંનો એક એટલે હોળી રસિયા ઉત્સવ. આનો સાદ પડે અને બહેનો દોડતી ન આવે એવું બને ખરું ! આ ઉત્સવમાં મંડળની બહેનો સિવાય પણ બીજી બહેનો તેનો લાભ લઈ શકે તે વિચારથી શ્રીમતી મણીબેન ત્રિભોવનદાસ માતૃગૃહ, ચંદ્રનગર, ઘરડાઘરની પસંદગી કરવામાં આવી. મંડળની ૫૦ બહેનો તથા ઘરડા ઘરની આશરે ૫૫ બહેનોએ ઉત્સવમાં અનેરી મજા માણી.

વસંતપંચમીથી શરૂ થઈ ફાગણ સુદ પૂનમ સુધીના ૪૦ દિવસો હોળી રસિયા ઉત્સવ તરીકે મનાવવામાં આવે છે. સમગ્ર વર્ષ દરમિયાન શ્રી રાધાકૃષ્ણ અને ગોપીઓની સાથે જે બનાવો બને છે તેના ખાટા–મીઠા તથા રિસામણા–મનામણાંના પ્રસંગો સાથે આ ઉત્સવ મનાવવામાં આવે છે.

૨૭ ફેબ્રુઆરી ગુરુવારે શ્રી શ્યામ ભાઈ અને મંડળી દ્વારા સંગીતના તાલ અને સૂરો સાથે રસિયાની રમઝટ શરૂ થઈ.

આપણને કંઠસ્થ હોય તેવા તથા હૃદય – મનને ભાવવિભોર કરતાં રસિયા ગવાતા રહ્યા. બહેનોએ રસિયાના શબ્દો સાથે તાલ મિલાવીને વિવિધ મુદ્રાઓ સાથે નૃત્ય ગરબા કર્યા અને ખૂબ જ મજા માણી. ઉમંગની પિચકારી અને એકબીજાને ફૂલોથી રંગવાની મજા બહેનોએ મન ભરીને માણી.

૧૧ ફૂટ બાય ૪ ફૂટની હોળીની પીછવઈ પ્રસંગને અનુરૂપ ખૂબ જ શોભતી હતી. આ ઉપરાંત કૃષ્ણ–રાધાની હોળી ખેલતી પીછવાઈ સાથે હોળી ખેલતા કૃષ્ણ –રાધા તથા ગોપ–ગોપીઓ, ગુલાલ કુંડ, પિચકારીઓ વગેરે રમકડાની સુંદર સજાવટથી મન મોહી ગયું. એક આહ્લાદક અનુભવ સાથે તન–મનમાં તાજગી ભરી રસિયામાં ફગવા અને ખજુરની પ્રસાદી લીનાબેન કે. પરીખ તરફથી આપવામાં આવી હતી અને મંડળ તરફથી નાસ્તો આપવામાં આવ્યો.

એમ.જે.નગરશેઠ (અમેરિકા) ના જય શ્રી કૃષ્ણ

હોળી ઉત્સવ નિમિત્તે નીચે પ્રમાણે ડોનેશન મળ્યું.

શ્રી લતાબેન પરીખ ૨૦૦૦/-

શ્રી સંધ્યાબેન પરીખ ૧૧૦૦/-

શ્રી સ્મૃતી શાહ ૧૦૦૦/-

શ્રી રિયાના પરીખ ૫૦૦/-

તેનો સહર્ષ સ્વીકાર કર્યો, કમિટીના સાથ અને સહકારથી પ્રોગ્રામ ખૂબ સુંદર રહ્યો અને જયશ્રીકૃષ્ણ કહી સહુ બહેનો છુડા પડ્યા.

## પોટલોગ પિકનિક વીથ ફન (તા. 3-3-૨૦૨૫)

હોળી રસિયા ઉત્સવ બાદ સૌ સખીઓના આગ્રહને વશ થઈ પોટ લોગ પિકનિકનો કાર્યક્રમ આયોજિત થયો. ૩ માર્ચના રોજ પરિમલ ગાર્ડનમાં ૨૨ બહેનો સવારે ૯.૦૦ થી ૨.૦૦ પિકનિક નો આનંદ માણ્યો. બપોરે ૨-૦૦ વાગ્યા સુધીની સ્પેશ્યિલ પરિમિશન શ્રી રિયાના પરીખના સહકારથી મળી હતી. મ્યુનિસિપાલિટી દ્વારા પરિમલ ગાર્ડનનું ખુબ સુંદર રીતે નવીનીકરણ કરવામાં આવ્યું છે. ઘણી બધી બેઠક વ્યવસ્થાને પણ ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

સવારે ૯-૦૦ વાગે સૌ પ્રથમ શ્રી મીતાબેન પરીખ, પ્રમુખ દ્વારા બીજ મંત્ર સાથેનું મેડીટેશન કરાવ્યું. સુર સાથે તાલીઓથી સંગીતમય વાતાવરણ ઉભું કર્યું. ત્યારબાદ સૌની પ્રિય એવી અંતાક્ષરી માણી દરેક બહેનોએ સૂરમાં ગીતો ગાયા અને સૌની પ્યારી હાઉસીની રમત કેમ ભુલાય.

ત્યારબાદ ફૂડ પેકેટ લંચનો આનંદ માણ્યો. જય શ્રી કૃષ્ણ કહીં છૂટા પડ્યા.

**મીતા પરીખ** — પ્રમુખ

**લીના પરીખ** — સેક્રેટરી

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

## લગ્ન વિષયક

સિંગાપોર નિવાસી અને હાલ SEMICONDUCTOR CO.માં જોબ કરતા યુવક માટે યોગ્ય યુવતીના વાલી તરફથી જન્માક્ષર, બાયોડેટા અને ફોટોગ્રાફ સાથે સંપર્ક આવકાર્ય છે.

Education : Bachelor of Engineering (Hons.), Electrical and Electronic Engineering Singapore

Citizenship : Singaporean

Date of Birth : 27 June, 1992

Height : 5’2”

Contact No. : MINAXIBEN +65 91072714 (WhatsApp)

email : vrajmina.vrm@gmail.com

-----------

મૂળ રાજકોટ, હાલ બેંગ્લોર ખાતે સોફ્ટવેર એન્જિનિયર તરીકે કાર્યરત યુવતી માટે યોગ્ય યુવક (આઈ.ટી.ફિલ્ડ / પ્રોફેશનલ)ના બાયોડેટા આવકાર્ય છે.

જન્મ તારીખ : ૨૧-૧૦-૨૦૦૦, જન્મ સ્થળ : મુંબઈ, વજન : ૪૫ કિલો, ઊંચાઈ ૫’ ૨". સંપર્ક : ૯૪૨૮૨ ૫૬૨૨૮

* * *

: New Address :

Parikh Sujal Parimalbhai

301, Sannidhya 18, near Milanpark soc.,

opp. Suyojan tower, Hotel President ni galima,

Navarangpura, Ahmedabad - 380 009

# શબ્દવ્યૂહ - ૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ■ | | ■ | ૯ | | |
| | ■ | ૧૦ | ૧૧ | | ૧૨ | ■ | | ■ |
| ■ | ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ |
| ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | ■ | ૨૦ | | |
| ૨૧ | | ■ | ૨૨ | | ૨૩ | ■ | ■ | |
| | ■ | ૨૪ | ■ | ૨૫ | | ■ | ૨૬ | |
| ■ | ૨૭ | | ૨૮ | ■ | ૨૯ | ૩૦ | | ■ |
| ૩૧ | | | | ■ | ■ | ૩૨ | | |

**આડી ચાવી :** (૧) આબેહૂબ વર્ણન – ૩ (૪) શ્રીકૃષ્ણ – ૫ (૮)દૂધ, દહીં વગેરે રાખવાનું પાત્ર – ૩ (૯) વિનોદ, મજા, આનંદ – ૩ (૧૦) શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે કરેલી રાસની ક્રીડા – ૪ (૧૩) હાથી, હસ્તનક્ષત્ર – ૩ (૧૪) પૈસો, નાણું, સોનું – ૨ (૧૭) આર્યોનું પ્રાચીન ધર્મપુસ્તક – ૨ (૧૮) છેડો, અંત, હદ, સીમા – ૨ (૨૦) ચળ, ખંજવાળ – ૩ (૨૧) શરીર, દેહ – ૨ (૨૨) ભાર, તોલ, દબાણ – ૩ (૨૫) પ્રતિકૂળ પવન – ૨ (૨૬) ટેવ, વ્યસન – ૨ (૨૭) ધૂળ, ઝેર – ૩ (૨૯) ઝટ ભાંગી જાય તેવું – ૩ (૩૧) તોપના દારૂને સળગાવવાનો કાકડો – ૪ (૩૨) શોક, રડાકૂટ – ૩

પ્રદીપ નવનીતલાલ શાહ પરિવાર (પૂના)ના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

**ઊભી ચાવી :** (૧) મોંઢે માથે ઓઢીને સૂવું તે – ૩ (૨) તંતુ, દોરો, રેસો – ૨ (૩) શૃંગાર રસ, કામદેવ – ૪ (૪) કંગાળ ભિખારી, ગુંડો – ૩ (૫) અતિશય અણગમો; ધૃણા – ૨ (૬) પૈસાનો ચોથો ભાગ – ૩ (૭) નમેલુ – ૨ (૧૧) શાબાશી બદલ આપવામાં આવતો પોષાક – ૪ (૧૨) શરમ મર્યાદા – ૨ (૧૩) શુદ્ધ સોનું – ૩ (૧૫) અવાજ – ૨ (૧૬) અડચણ, નડતર, વાંધો – ૪ (૧૭) પગાર, દરમાયો – ૩ (૧૯) ધોબી – ૩ (૨૩) સૂબો, મુસલમાન રાજા – ૩ (૨૪) રસ્તો – ૩ (૨૬) લડાઈ –૩ (૨૭) શોક, દુ:ખ–૨ (૨૮) ગુફા, શેતરંજી – ૨ (૩૦) સુંદર સ્રી, લક્ષ્મી – ૨

## શબ્દવ્યૂહ - ૭ ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| દ | હે | શ | ત | | હ | જ | ર | ત |
| ર | મ | ણ | | બો | જ | | સા | ન |
| કા | | ગા | પ | ચી | | હે | ત | |
| ર | ગ | ર | ગ | | મ | બ | લ | ક |
| | મા | | ર | ક | ઝ | ક | | ર |
| પ | ર | ભ | વ | | ધા | | વા | જ |
| ત | | ર | | કા | ર | ભા | ર | |
| જ | ખ | મ | | ચ | | સ્ક | | મ |
| ડ | ર | | સા | ર | | ર | વા | ના |

ધીરેનભાઈ કાંતિલાલ પરીખ પરિવારના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

**પરિણામ :**

**બધા ખરા :** (૧) માધવી એન. પરીખ અમદાવાદ (૨) દિપકભાઈ દલાલ મુંબઈ (૩) પ્રેરણાબેન કે. પરીખ મુંબઈ (૪) સુધાબેન આર. શાહ, અમદાવાદ (૫) ક્રિર્તીબેન કે. શાહ વડોદરા (૬) નવીનચંદ્ર ડી. ગાંધી ભરૂચ (વડોદરા) (૭) સ્મૃતિ આર. શાહ અમદાવાદ (૮) અરૂણા એન. મહેતા અમદાવાદ (૯) આશા એ. શાહ ભૂજ (૧૦) અશોકભાઈ આર. પરીખ પાટણ (૧૧) વિણા ચોકસી ભરૂચ (૧૨) પરિમલ એમ. પરીખ અમદાવાદ (૧૩) દિલિપ આર. પરીખ ભૂજ (૧૪) ઉમાકાંતભાઈ જે. પરીખ અમદાવાદ (૧૫) રશ્મીબેન કે. શાહ અમદાવાદ (૧૬) રોહિત સી. પરીખ વડોદરા (૧૭) પ્રીતિ પી. શાહ ભૂજ (૧૮) વર્ષા એન. ચોકસી અમદાવાદ (૧૯) મધુરી કિનખાબવાલા અમદાવાદ (૨૦) વર્ષા પી. શાહ ભૂજ (૨૧) શોભના એસ. શાહ અમદાવાદ (૨૨) જયશીલ મારફતિયા મુંબઈ (૨૩) ભારતી ડી. શાહ મુંબઈ (૨૪) નીલા જે. મહેતા મુંબઈ.

૧ ભૂલ : (૧) હરેશ એમ. પરીખ પાટણ (૨) પ્રદીપ આર. શાહ ભૂજ (૩) ગીતાબેન પી. શાહ અમદાવાદ (૪) પ્રતિમા કે. શાહ વડોદરા

૨ ભૂલ : (૧) પ્રફુલબેન જે. શાહ અમદાવાદ (૨) ઈલાબેન પી. શાહ પાટણ

૪ ભૂલ : (૧) હેતલ પરીખ અમદાવાદ

૬ ભૂલ : (૧) માલીની બનાતવાલા મુંબઈ

**નોંધ :** જવાબો ૨૫ તારીખ સુધીમાં શ્રી સુધીરભાઈ પી. શાહને મોબાઈલ : (૧) ૯૭૨૬૦ ૪૦૨૬૨ અથવા (૨) ૮૭૫૮૩ ૩૪૩૪૭ પર મોકલી આપવા. બપોરે ૧.૦૦ થી ૪.૦૦ સિવાય ના સમયે ફોન કરવો.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ - ૩૮૦ ૦૫૮**

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

## અવસાન

**અમદાવાદ** : કોકીલાબેન જશુભાઈ પરીખ, તા. ૮-૩-૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**વડોદરા** : ગં. સ્વ. શંકુતલાબેન સુભાષભાઈ શાહ, તા. ૮-૩-૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**મુંબઈ** : ગં. સ્વ. જશુબેન નાનાલાલ શાહ, ઉ. વર્ષ - ૯૨, તા. ૧૫-૩-૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**અમદાવાદ** : રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખ, તા. ૨૬-૩-૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

'વાયડામિત્ર' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થાય છે. અંક કાળજીથી પોસ્ટ કરવામાં આવે છે પરંતુ ઘણી વાર અંક સમયસર મળતો નથી. અંક ન મળવા અંગે પ્રથમ પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. ત્યાર પછી વ્યવસ્થાપકને જાણ કરવી. અંક સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. ગ્રાહક નંબર અવશ્ય જણાવવો.

ગં. સ્વ. લતાબહેન રમેશચંદ્ર પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ

## Receipts Till Date : 25-03-2025

| R. No. | Person Name | Amout | Towards Which |
|---|---|---|---|
| 149 | Pankitbhai Chandrilbhai Shah | 1500 | Diwali Adv.+Life Membership Fees |
| 150 | Mangalam Consultancy | 2100 | Diwali Adv. |
| 151 | Reshmaben Vipulbhai Shah | 1000 | Diwali Adv. |
| 152 | Hirakbhai Harishbhai Parikh | 1801 | Panel Adv.+Life Mem. Fees |
| 153 | Amarbhai Naimishbhai Parikh | 1100 | Panel Adv. |
| 154 | Shree Krishna Cotton Pressing Factory | 1600 | Diwali+Panel Adv. |
| 155 | Rajendrabhai Shantilal Shah | 550 | Donation |
| 156 | Sudhirbhai Jivanlal Shah | 1002 | Life Mem.Fees |
| 157 | Umakantbhai Jethalal Shah | 600 | Advertisement |
| 158 | Jaswantbhai Jayprakashbhai Parikh | 1100 | Donation |
| 159 | Vijeshbhai Nagindas Shah | 600 | Advertisement |
| 160 | Hiteshbhai Laljibhai Shah | 3300 | Panel Adv. |
| 161 | Hirakbhai Harishbhai Parikh | 300 | Panel Adv. Diff. |
| 162 | Vijeshbhai Nagindas Shah | 600 | Adv. |
| 163 | Rajeshbhai Hasmukhlal Parikh | 1100 | Panel Adv. |
| 164 | Bandishbhai Arunbhai Shah | 1100 | Panel Adv. |
| 165 | Kamdhenu Seeds Pvt.Ltd. | 1000 | Diwali Adv. |
| 166 | Harshadbhai Ghanshyamlal Parikh | 1100 | Panel Adv. |
| 167 | Suyog Electricals Pvt. Ltd. | 500 | Diwali Adv. |
| 168 | Ganga Textile | 500 | Diwali Adv. |
| 169 | Jayeshbhai Navnitlal Parikh | 1100 | Panel Adv. |
| 170 | Drupad Securities Pvt. Ltd. | 4400 | Diwali Adv. +Panel |
| 171 | Pannaben Dineshbhai Parikh | 3200 | Panel+Diwali Adv. |
| 172 | Dr. Chaitaliben Parikh | 4200 | Diwali Adv. |
| 173 | Dhruvbhai Kunalbhai Shah | 1000 | Life Mem. Fees |
| 174 | Samiri Vanik Samaj Mahila Mandal | 6000 | Advertisment |
| 175 | Labh Polimers | 1000 | Diwali Adv. |
| 176 | Naman Electric Co. Pvt Ltd | 2100 | Diwali Adv. |
| 177 | Girishchandra Dahyalal Shah | 2100 | Diwali Adv. |

**- VyvaSthapak**

ઉદય બિલ્ડકોન પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી

***

# શ્રદ્ધાંજલિ



## સ્વ. જશુબહેન નાનાલાલ શાહ

પૂજ્ય જશુબેનની દુ:ખદ વિદાયથી સમગ્ર જ્ઞાતિને ખુબ દુ:ખ થયું છે. તેઓ એક ઉમદા અને જાજરમાન વ્યક્તિત્વના માલિક હતા. જ્ઞાતિના ઉત્કર્ષ માટે તેમણે ઘણનું અનુદાન આપ્યું છે. એના માટે જ્ઞાતિ સદા તેમની આભારી રહેશે. જ્ઞાતિના સ્નેહ સંમેલનમાં એમના મધુર અવાજમાં ગવાતું ભજન એ... રી મૈં તો પ્રેમ દીવાની મીરાં.... હજી પણ કાનમાં ગુંજે છે.

એમની વસમી વિદાયથી ખુબ દુ:ખ થયું છે. પ્રભુ એમના આત્માને શાશ્વત શાંતિ આપે અને કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

– જીતુભાઈ શાહ

**પ્રમુખ, સમસ્ત કચ્છી વાયડા વણિક સમાજ**

***

# શ્રધ્ધાંજલિ



**સ્વ. રમેન્દ્રભાઈ જેઠાલાલ પરીખ**

**જન્મ તા.: ૧૨/૦૧/૧૯૪૨**


**શ્રીજીચરણ તા.: ૨૬/૦૩/૨૦૨૫**

પરમકૃપાળુ પરમાત્મા આપના
જીવાત્માને ચિર શાંતિ અર્પે
તેમ જ આવી પડેલ દુઃખ સહન
કરવાની સૌને શક્તિ આપે
એ જ પ્રાર્થના

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

***

# શ્રધ્ધાંજલિ



**સ્વ. પ્રકાશભાઈ નવીનચંદ્ર શાહ**

**જન્મ તા.: ૧૩/૧૧/૧૯૪૦**

**શ્રીજીચરણ તા.: ૦૮/૦૨/૨૦૨૫**

પરમકૃપાળુ પરમાત્મા આપના
જીવાત્માને ચિર શાંતિ અર્પે
તેમ જ આવી પડેલ દુઃખ સહન
કરવાની સૌને શક્તિ આપે
એ જ પ્રાર્થના

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

***

# શ્રધ્ધાંજલિ



## સ્વ. કોકિલાબેન જશુભાઈ પરીખ

**જન્મ તા.: ૨૩/૦૩/૧૯૩૩**

**શ્રીજીચરણ તા.: ૦૮/૦૩/૨૦૨૫**

પરમકૃપાળુ પરમાત્મા આપના
જીવાત્માને ચિર શાંતિ અર્પે
તેમ જ આવી પડેલ દુ:ખ સહન
કરવાની સૌને શક્તિ આપે
એ જ પ્રાર્થના

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai - Kokilaben Parikh
Harshul - Alpa, Mrugesh - Ratna
Bhrita - Aakar Choksi
Darsh - Ankita, Parita, Darshil,
Bakul - Nita Dalal
Meera - David Burns
Chinmay - Natasha Dalal

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296
પ્રકાશન ૧૦/૪/૨૦૨૫



# ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

## તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

**PRINTED BOOK April 2025**

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh